<u>**ફોજદારી કેસ નં. ૪૯૬૬/૨૦૧૧**</u>

<u>**આંક–૧ નીચે હુકમ**</u>

**આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળ ના તથા નામદાર જિલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સિટીંગ રાખેલ છે.**

**સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે, પરંતુ આરોપી સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીના કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલીશ કતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.**

**<u>પી રામચંદ્ર વિ. કર્ણાટક રાજય, ૨૦૦૨(૨), જી.એલ.આર પાન નં.૧૫૪૯</u> ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે** "The criminal courts should exercise their available powers such as those under sections 309,311.258 of the code of criminal Procedure,1973 effectuate rhe right to speedy trial." **આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭–૧૦–૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.**

**આથી, કેસની હકીકતો, કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૮ ની જોગવાઈઓ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે,:–**

**–: <u>હુકમ</u> :–**

**:૧: ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**:૨: આરોપી/ઓ ના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.**

**:૩: આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૨૨ જુલાઈ ૨૦૧૮**
**સ્થળ:– અમદાવાદ (રુરલ)**

**(શિવકુમાર.પી.કેન)**
**ચોથા એડી.જયુડી.મેજી.ફ.ક.**
**અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર.**